# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર રિદ્ધી ઉંધાડ વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના 18 સહિત દેશના 103 અમૃત ભારત રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરશે

2) પાકિસ્તાનના આતંકવાદનો વૈશ્વિક સ્તરે પર્દાફાશ કરવા માટે આજથી ભારતના અભિયાનનો આરંભ

3) ડેન્માર્ક સાથે ભારતના વ્યાવસાયિક સંબંધો વધુ મજબૂત બનાવવા બંને દેશો વચ્ચે ચર્ચા

4) ઓલા ઉબર જેવી એપ આધારિત ટેક્સી સેવા માટે મહારાષ્ટ્ર સરકારે નવી નીતિ જાહેર કરી

5) આઇપીએલમાં પ્લે ઓફમાં પહોંચનારી મુંબઇ ઇન્ડિયન્સ ચોથી ટીમ બની.. આજે ગુજરાત ટાઈટન્સ અને લખનૌ જાયન્ટસ વચ્ચે મેચ

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BIKANAER VISIT

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં બીકાનેરની મુલાકાત લેશે, જ્યાંથી તેઓ 26 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ખાતમૂહૂર્ત, ઉદ્ઘાટન કરશે. આ પરિયોજનાઓમાં રેલવે, રોડવેઝ, પાવર, વોટર અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 86 જિલ્લાઓમાં 103 પુનર્વિકસિત અમૃત સ્ટેશનોનું પણ ઉદ્ઘાટન કરશે.

જેમાં ગુજરાતના જામનગર, સુરેન્દ્રનગર સહિત 18 સ્ટેશનનો સમાવેશ થાય છે. સાથે જ 19 સ્ટેશનો ઉત્તર પ્રદેશના વિવિધ ભાગોમાં સ્થિત છે અને મુસાફરો માટે મુસાફરોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરવા માટે આ સ્ટેશનો સંપૂર્ણપણે તૈયાર છે.

આ કાર્યક્રમ અંગે અમારા સંવાદદાતા વધુ વિગતો આપી રહ્યાં છે.

(વોઇસ કાસ્ટ – આનંદ કુમાર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAV AMRUT BHARAT RAILWAY STATION

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ માટે 1300 થી વધુ રેલવે સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે. ગઈકાલે બીકાનેર ખાતે પુનર્વિકસિત દેશના અમૃત સ્ટેશનની મુલાકાત દરમિયાન પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના સ્થાનિક સાંસ્કૃતિક વારસા અને સ્થાપત્યને સમાવતા દેશના અનેક સ્ટેશનનો વિકાસ કરવામાં આવ્યો છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આગામી આઠ મહિનામાં વધુ 100 અમૃત સ્ટેશનો તૈયાર થઈ જશે અને 2027 સુધીમાં આવા લગભગ 500 સ્ટેશનનો પુનર્વિકાસ પૂર્ણ થઈ જશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ALL PARTY DELIGATION

ભારતે પાકિસ્તાન દ્વારા પોષવામાં આવી રહેલા આતંકવાદનો વધુ પર્દાફાશ કરવા માટે પોતાનું આક્રમક વૈશ્વિક અભિયાન શરૂ કર્યું છે. બે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ગઈકાલે નવ દેશો માટે રવાના થયા હતા. જે. ડી. યુ ના સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ઓપરેશન સિંદૂર પર ભારતના રાજદ્વારી સંપર્કના ભાગરૂપે ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરના પાંચ દેશના પ્રવાસ માટે રવાના થયું હતું.

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં અન્ય એક પ્રતિનિધિમંડળે પણ યુ. એ. ઈ., લાઇબેરિયા, કોંગો અને સિએરા લિયોનની મુલાકાત લીધી હતી, જેથી નવી દિલ્હી તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે લડવાના સંકલ્પની પુષ્ટિ કરી શકે.

વિદેશ સચિવ વિક્રમ મિશરી વિદેશ પ્રવાસે જનારા વિવિધ પ્રતિનિધિમંડળને માહિતગારી કરશે. ગઇકાલે બે પ્રતિનિધિમંડળ વિવિધ દેશના પ્રવાસે રવાના થયું હતુ જ્યારે આજે અન્ય પ્રતિનિધિમંડળ પણ રવાના તશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.

..............................................

# MORN. JAISHANKAR - DENMARK

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે કોપનહેગનમાં ડેનમાર્કના ઉદ્યોગ, વેપાર અને નાણાકીય બાબતોના મંત્રી મોર્ટેન બોડ્સ્કોવ સાથે મુલાકાત કરી હતી. તેમણે સહકારના વર્તમાન ક્ષેત્રોને વધુ ગાઢ બનાવવા અને નવી તકો અંગે ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ ડેનમાર્કના સ્પીકર સોરેન ગેડને પણ મળ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે આંતકવાદ અંગે ભારતને  ડેન્માર્કે આપેલા સહયોગની પ્રશંસા કરી હતી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND -WEATHER

ઉત્તરાખંડમાં ફરી એકવાર હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. ગઈકાલ સાંજથી મોડી રાત સુધી, રાજ્યના ઘણા ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ પડ્યો. ઉત્તરકાશી જિલ્લાના બારકોટ વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો, જોકે કોઈ નુકસાન થયું નથી.

દરમિયાન, હવામાન વિભાગે આજે રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ અને વીજળી સાથે હળવો વરસાદ પડવાની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો સુધી હળવાથી મધ્યમ વરસાદનો આ દોર યથાવત રહેશે.. બદલાતા હવામાન છતાં, ચાર ધામ યાત્રા પર કોઈ અસર થતી નથી. બધા યાત્રા માર્ગો ખુલ્લા છે, અને યાત્રા સરળતાથી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

……………………………………………………………..

# CAB POLICY

મહારાષ્ટ્ર સરકારે ઓલા અને ઉબેર જેવી એપ-આધારિત કેબ સેવાઓ માટેની નીતિને જાહેર કરી છે.

આ નીતિમાં ભાડા, ડ્રાઇવર તાલીમ, EV અપનાવવા, તેમજ રદ કરવા બદલ નાણાકીય દંડ માટેના નિયમો રજૂ કરવામાં આવ્યા છે.

મંગળવારે જારી કરાયેલા અને રાજ્ય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલા એક સરકારી ઠરાવમાં રાઇડર્સ અને ડ્રાઇવરો બંને માટે વાજબી પ્રથાઓ અને સરળ અનુભવ સુનિશ્ચિત કરવાના હેતુથી નિયમનકારી માળખાની રૂપરેખા આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

આઈપીએલ ટી-20 ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સને 59 રનથી હરાવીને પ્લેઓફમાં પહોંચનારી ચોથી અને અંતિમ ટીમ બની હતી. જ્યારે, આઈપીએલ 2025માં દિલ્હી કેપિટલ્સની સફરનો અંત આવ્યો. પ્રથમ બેટિંગ કરવા માટે આમંત્રણ મળ્યા બાદ યજમાન મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 180 રન બનાવ્યા હતા. દિલ્હીની ટીમ 18.2 ઓવરમાં માત્ર 121 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ જાયન્ટસ સામે સાંજે સાડા સાત વાગ્યે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SQUASH - IRISH OPEN

સ્ક્વોશમાં ભારતની આકાંક્ષા સાલુંખે આયર્લેન્ડના ડબલિનમાં યોજાનારી આઇરિશ ઓપન 2025ની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. તે આજે રાત્રે 11 વાગ્યે નોર્વેની મેડેલીન હાઈલેન્ડ સામે ટકરાશે. અગાઉ ગઈકાલે રાત્રે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં, આકાંક્ષાએ આઠમી ક્રમાંકિત ફ્રાન્સની એનોરા વિલાર્ડને હરાવી હતી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. INDIAN AMBASSADOR- MOSCOW

રશિયામાં ભારતના રાજદૂત વિનય કુમારે મોસ્કોમાં 'સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશન્સ' પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરતા દેશના સંદેશાવ્યવહાર ઉદ્યોગની સિદ્ધિઓ વર્ણવી હતી. રાજદૂતે ગઈકાલે માનવ સભ્યતામાં સંદેશાવ્યવહારની ભૂમિકા અને મહત્વ અને આધુનિક ટેકનોલોજી દ્વારા આવેલા પરિવર્તન વિશે વાત કરી. ભારતમાં તાજેતરમાં યોજાયેલી WAVES 2025 સમિટનો ઉલ્લેખ કરીને તેમણે આજના ડિજિટલ યુગમાં ભારતના સંદેશાવ્યવહાર ઉદ્યોગ વિશે સવિસ્તાર માહિતી આપી હતી..

આ પરિષદનું આયોજન જાહેર સંબંધોના ક્ષેત્રમાં કન્સલ્ટિંગ કંપનીઓના સંગઠન (AKOC) દ્વારા વિદેશ મંત્રાલય અને રશિયાના આર્થિક વિકાસ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે થયું હતું. રાજદૂત કુમારે બંને દેશોના સંદેશાવ્યવહાર ઉદ્યોગો, તેમજ સામગ્રી નિર્માતાઓ, પ્રભાવકો અને વ્યૂહાત્મક સંદેશાવ્યવહાર ઇકોસિસ્ટમમાં સામેલ અન્ય લોકો વચ્ચે વધુ સહયોગ પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજનાં અખબારોએ અલગ અલગ સમાચારોને હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- ભારત વિરોધી બિઝનેસ કોરિડોરઃ ચીન, પાક, અફઘાનિસ્તાન એક ધરી પર
- સંદેશની હેડલાઇન છે- વક્ફ ઇસ્લામનો અનિવાર્ય હિસ્સો નથીઃ કેન્દ્ર
- આ જ સમાચારને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- દિલ્હીથી શ્રીનગર જતાં ઇન્ડિગોનાં વિમાનને ખરાબ હવામાનને કારણે નડેલા અકસ્માતમાં 227 પ્રવાસીનાં આબાદ બચાવનાં સમાચારને નવ ગુજરાત સમયે હેડલાઇન બનાવી છે.
- તો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન એક્સપ્રેસ અને રાજસ્થાન પત્રિકાએ છત્તીસગઢમાં 27 નક્સલવાદી ઠાર થયા.. એ સમાચારને મુખ્ય શિર્ષક બનાવ્યું છે.
- આ ઉપરાંત, કૈલાસ માનસરોવર યાત્રા માટે 750 તીર્થયાત્રીઓ પસંદગી, બલુચિસ્તાનમાં આત્મઘાતી બોંબ હુમલમાં પાંચનાં મોત, ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં 64ના મોત, પાકિસ્તાનનાં ગૃહમંત્રીના ઘરને દેખાવકારોએ આંખ ચાંપી જેવા સમાચારને પ્રાથમિકતા આપવામાં આવી છે.  જોવા મળે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .